# ગુજરાત જાહેર સેવા આયોગ

## ૧૧ માસ માટે કરાર આધારિત જગ્યાઓ ભરવા માટેની જાહેરાત

કાયદા આધિકારી વર્ગ-૨, ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩(વર્ગ-૩) અને અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩(વર્ગ-૩)ની જ્ગ્યાઓ માટે તા.૫-૧-૨૦૧૬ ના રોજ ૧૩-૦૦ કલાકથી તા.૨૦-૧-૧૬ ના રોજ ૧૩-૦૦ કલાક સુધી ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

(૧) કાયદા આધિકારી વર્ગ-૨ની ૦૧ જગ્યા રૂ.૨૦૦૦૦/-ના માસિક ફીકસ પગારથી તથા ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩(વર્ગ-૩) ની ૦૩ જગ્યાઓ અને અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩(વર્ગ-૩) ની ૦૧ જગ્યા રૂ.૧૫૦૦૦/-ના માસિક ફીકસ પગારથી કરાર આધારિત ૧૧માસ અથવા આ જગ્યાઓ જ્યાં સુધી નિયમિત નિમણૂકથી ભરાય ત્યાં સુધીનો આ સમયગાળો એ બેમાંથી જે વહેલું હોય,તેટલા સમય માટે તદ્દન હંગામી અને કરારના ધોરણે ભરવા માટે નીચે દર્શાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

**કાયદા આધિકારી વર્ગ-૨: ઉમર અને શૈક્ષણિક લાયકાત:**

**(a) Age:** Not be more than 38 years of age; **(b)Educational Qualification :** Possess a special degree in law or integrated LLB obtained from any of the Universities established or incorporated by or under Central or State Act in India or any other educational institution recognized as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act,1956 and

(c) **Experience :** have about three years experience of continuous and regular practice on the civil side at the Bar or

(d) have about three years experience of the legal side practice in the Government or Local body or Government undertaking Board or Corporation

(e ) Computer Literacy: the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Service Classification and Recruitment Rules, 1967;and

(f) **Language Knowledge:** adequate knowledge of English and Gujarati or Hindi or both.

**ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩(વર્ગ-૩) અને અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩(વર્ગ-૩) ઉમર અને શૈક્ષણિક લાયકાત:**

**(a) Age: Not** be less than 18 years and more than 33 years.

**(b) Educational Qualification : Have** passed tha Higher Secondary School Certificate Examination or an equivalent qualification recognised by the Govt. of Gujarat.

**શોર્ટ હેન્ડ અને ટાઈપીંગની ઝડપ : અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩(વર્ગ-૩)**

**(c) Shorthand**: speed of not less than 80 words per minute in English Shorthand and 40 words per minute in English Type Writing.

**શોર્ટ હેન્ડ અને ટાઈપીંગની ઝડપ : ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩(વર્ગ-૩)**

**(d ) Shorthand:** speed of not less than 60 words per minute in Gujarati Shorthand and 25 words per minute in Gujarati Type Writing.

(e) ) Computer Literacy: possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Service Classification and Recruitment Rules, 1967;and

(f) **Language Knowledge;** adequate knowledge of Gujarati or Hindi or both.

**ઉપરની જાહેરાતો માટે વય મર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળી શકશે.**

Upper age limit shall be relaxed by 05 years for Women Candidates and for the Physically disabled candidates maximum by 10 years subject to his / her ability to discharge duties to the posts, as may be performed by any other normalperson, on the basis of production of medical certificate prescribed by G.A.D. circular dated 01-12-2008 from the medical board. Upper age limit shall be relaxed for Gujarat Govt. employee as per rules.

**(૨) અરજી અંગેની સૂચનાઓ:**

૧. સરકારી વિભાગ /કચેરીમાં વય નિવૃત્તી પછી ફિક્સ પગારથી કરારના ધોરણે નિમણૂક પામતા સ્ટેનોગ્રાફરો અરજી કરી શકશે નહિં.

૨. વર્ગ-૧ના આધિકારી દ્વારા અપાયેલ સારા ચારિત્ર્ય અંગેનું પ્રમાણપત્ર અસલમાં રજૂ કરવાનું રહેશે.

૩. ઉમેદવારની પસંદગી માટે મળેલ અરજી વિચારણામાં લેવાની તથા નિમણૂક સંબંધે આ માટે રચાયેલ નિમણૂક સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

૪. આ બાબતે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭-૦૬-૨૦૦૭ ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૦૭/૧૩/એલપીકે/૧૨૦૪/૩૪૬૪/ખ૩ થી નકકી થયેલ સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩(વર્ગ-૩)ના ભરતી નિયમોની તેમજ ૧૧ માસના કરાર આધારિત જોગવાઈઓ સંબંધિત લાગુ પડતી તમામ શરતો આ કરાર આધારિત પસંદગી/ નિમણૂકને લાગુ પડશે. **કાયદા આધિકારી વર્ગ-૨ના** ભરતી નિયમો ઘડવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. આથી ઉપર દર્શાવ્યા મુજબની સૂચિત જોગવાઈઓ અનુસાર કરાર આધારિત જગ્યાઓ ભરવામાં આવશે. અને ભરતી નિયમોને આધિન રહેશે.

૫. **અરજીઓ તારીખ ૩૦/૦૧/૨૦૧૬ સુધીમાં સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,બહુમાળી મકાન, બી બ્લોક, પહેલો માળ, લાલ દરવાજા,અમદાવાદ ૩૮૦ ૦૦૧ ના સરનામા પર RPAD / SPEED POST થી મળી જાય તે રીતે અથવા રૂબરૂ પહોચાડવાની રહેશે.**

(કે.ડી.સુથાર)
સંયુક્તસચિવ
ગુજરાતજાહેર સેવા આયોગ

**<u>Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-</u>**

આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. <u>ઉમેદવાર તા.૫-૧-૧૬ , ૧૩.૦૦ કલાકથી તા૨૦-૧-૨૦૧૬, ૧૩.૦૦ કલાક સુધીમાં</u> { HYPERLINK "http://www.gpsc-ojas.gujarat.gov.in" }<u>પર અરજી પત્રક ભરી શકશે.</u> ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૬) અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

(૧) સૌ પ્રથમ { HYPERLINK "http://ojas.guj.nic.in/" }પર જવું.

(૨) Apply On line Click કરવું.

(૩) જે જગ્યા માટે અરજી કરવાની હોય તેના ઉપર click કરવાથી જગ્યાની વિગતો મળશે.

(૪) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

(૫) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ઉમેરવી.

(૬) Additional Qualification પર "click" કરી Additional Qualification ભરવી.

(૭) Experience Details પર "click" કરવું અને Experience Details ભરવી. વધુ Experience ઉમેરવા માગતા હોવ તો Add. More Exp.પર "click" કરી Details ભરવી.

(૮) Additional Information પર "click" કરી ત્યાં માહિતી ભરવી.

(૯) તેની નીચે "Self-declaration" માં Yes / No પર click કરવું.

(૧૦) હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં દર્શાવવાનો રહેશે.

(૧૧) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Applicationમાં જઇને કરી શકાશે,આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. એક વખત અરજી Confirm થઇ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.

(૧૨) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો અહીં photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg Formatમાં(10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Browse" Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open Button" ને click કરો હવે "Browse Button "ની બાજુમાં "Upload Button"પર Click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

(૧૩) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે (૨) બટન ૧: Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે show Application preview પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં.

(૧૪) અરજીપત્રક (ડાઉનલોડ કરેલું) ની નકલ અને જરૂરી બધા જ પ્રમાણપત્રોની( જાહેરાતમાં દર્શાવેલ) સ્વયં પ્રમાણિત નકલ આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે આયોગની કચેરીએ મોકલવાના રહેશે.

(૧૫) જો અરજીમાં આપે મોબાઇલ નંબર આપેલ હશે તો અરજી confirm થયેથી તુરત જ આપને અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર SMS મળશે. આપના મોબાઇલ નંબર ઉપર આયોગ દ્વારા આ જાહેરાત સંદર્ભે SMS થી જાણ કરવામાં આવશે.

(૧૭) દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાંયે સંજોગોવસાત જો કોઈ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે તો છેલ્લી કન્ફર્મ થયેલ માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે.

(૧૮) ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ ઉમેદવાર, આ જગ્યા ના સુચિત ભરતી નિયમો, તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.

(૧૯) જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટિસબોર્ડ અને આયોગની વેબસાઇટ www.gpsc.guarat.gov.in ઉપર જોવા મળશે. વેબસાઇટની વિગતો જોયા વિના ઉમેદવાર અરજી કરશે અને અરજીમાં કોઈ માહિતી / વિગતો આપવામાં આવશે નહિ કે અધૂરી આપવામાં આવશે કે જાહેરાતની સૂચનાઓ મુજબ આપવામાં આવશે નહિ તો તેની જવાબદારી જે તે ઉમેદવારની રહેશે અને આ અંગે પાછળથી કોઈ ફરિયાદ કે રજૂઆત આયોગ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

(૨) આયોગ સાથેના પત્રવ્યવહારમાં ઉમેદવારે તેઓના ફોરવર્ડીંગ પત્રમાં તેઓનું નામ, જગ્યાનું નામ દર્શાવવાનું રહેશે.

( કે. ડી. સુથાર )
સંયુક્ત સચિવ,
ગુજરાત જાહેર સેવા આયોગ.